ક્રમાંક : મતક/ડાયરી/વશી/૯૩૫ /૨૦૧૬

મહેસૂલ તપાસણી કમિશનર,
ગુજરાત રાજયની કચેરી,
બ્લોક નં.૧૧/૭, નવા સચિવાલય,
ગાંધીનગર
તા.૨૯/૧૨/૨૦૧૬

વિષય : હકકપત્રકમાં દાખલ થતી નોંધની ઓનલાઈન
રેકર્ડ તપાસણી કરવા અંગે

**//કાર્યાલય આદેશ//**

સરકારશ્રીના મહેસૂલ વિભાગના તા.૨૪/૪/૨૦૧૫ના ઠરાવ ક્રમાંકઃ એલઆરસી/૧૦/૨૦૧૫/૨૪૪૩૯૧/હ.૨થી ઈ–ધરા અંતર્ગત ગા.ન.નં.૬ (હકકપત્રક)માં હુકમ કરનાર મહેસુલી અધિકારીશ્રી/કચેરીના નિયત અધિકૃત અધિકારીઓ ધ્વારા હુકમી ફેરફાર નોંધ સીધી ઈલેકટ્રોનિક રીતે સંબંધિત અધિકારીશ્રીના લોગ–ઈનથી દાખલ કરવાની સુચનાઓ ઠરાવેલ છે.

હકકપત્રકમાં હુકમી નોંધો દાખલ કરવામાં વિલંબ–ઘણી ક્ષતિઓ થવા પામે છે. જેના કારણે અરજદારો તરફથી મૌખિક/લેખિત રજૂઆતો રાજય કક્ષાએ મહેસુલ વિભાગ, માન.મંત્રીશ્રી (મહેસૂલ) તેમજ માન.મુખ્યમંત્રીશ્રીના કાર્યાલય સમક્ષ થાય છે.

હકકપત્રકમાં હકક કમી કરવાના અને દાખલ કરવા અંગેની કાર્યપધ્ધતિ તા.૧૪/૩/૨૦૧૬ના પરિપત્ર ક્રમાંક : હકપ/૧૦૨૦૧૬/૧૦૧૭/જ થી બહાર પાડવામાં આવેલ છે. આવા કિસ્સામાં સ્પષ્ટ જોગવાઈઓ હોવા છતાં સ્ટેમ્પ ડયુટી ભરવામાં આવેલ ન હોઈ તેવી નોંધો હકકપત્રકમાં દાખલ અને પ્રમાણિત થતી હોવાની બાબત કચેરીની તપાસણી એકમની તાલુકા કચેરીઓની તપાસણી દરમ્યાન ધ્યાન પર આવે છે. પરંતુ મહદઅંશે જયારે જે તે સંબંધિત કચેરીની નિયત સમય–કાર્યક્રમ અનુસાર તપાસણી થાય છે ત્યારે જ આવી બાબતો ધ્યાન પર આવે છે. આમ, આ બાબત ધ્યાન પર આવે ત્યારે ઘણો સમય પસાર થઈ ગયેલ હોય છે.

તમામ નાયબ મામલતદારશ્રીઓ ધ્વારા ઓનલાઈન જ હકકપત્રકની આવી નોંધોની યાદૃચ્છિક રીતે પસંદ કરીને પ્રાથમિક ચકાસણી–ખરાઈ કર્યા બાદ જો યોગ્ય ન જણાય તો નિયત પત્રક સ્વરૂપે સંકલિત કરીને જરૂરી રીમાર્કસ સાથે યોગ્ય કાર્યવાહી અર્થે સંબંધિત જિલ્લા કલેકટરશ્રીને મોકલવાની પ્રથા અપનાવવાથી નોંધ દાખલ કરવાની– નિર્ણય કરવાની પ્રક્રિયા વધુ ગુણવત્તાસભર કરવા સુચના થઈ આવેલ છે.

વાસ્તે, કચેરીના કુલ–૧૮ નાયબ મામલતદારોને નીચે મુજબ જિલ્લાની ફાળવણી કરવા આથી આદેશ કરવામાં આવે છે.

| ક્રમ | મામ.શ્રી/નાયબ મામલતદારશ્રીનું નામ | ફાળવેલ જિલ્લા |
|---|---|---|
| ૧ | શ્રી એચ.એસ.ત્રિવેદી, ટીમ–૧ | મહિસાગર,અરવલ્લી |
| ૨ | શ્રી બી.આર.ભટ્ટ, ટીમ–૧ | બનાસકાંઠા, આણંદ |
| ૩ | શ્રી ડી.આર.મારૂ, ટીમ–૧ | સાબરકાંઠા, પાટણ |
| ૪ | શ્રી એચ.એસ.પટેલ, ટીમ–૨ | ખેડા,મહેસાણા |
| ૫ | શ્રી વી.જે.ઝાલા, ટીમ–૨ | અમરેલી, મોરબી |
| ૬ | શ્રી ડી.એ.પટેલ, ટીમ–૨ | કચ્છ–ભૂજ, દાહોદ |
| ૭ | શ્રી એ.પી.જોષી, ટીમ–૩ | વડોદરા, પંચમહાલ |

| | | |
|---|---|---|
| ૮ | શ્રી એન.આર.અસારી, ટીમ–૩ | ડાંગ, જુનાગઢ |
| ૯ | શ્રી એ.એમ.શુકલ, ટીમ–૩ | છોટા ઉદેપુર, ભરૂચ |
| ૧૦ | શ્રી કે.વી.પંડયા, મામલતદાર, ટીમ–૪ | જામનગર, તાપી |
| ૧૧ | શ્રી એચ.જે.પંડયા, ટીમ–૪ | સૂરત, ગાંધીનગર |
| ૧૨ | શ્રી સી.એન.નાયક, ટીમ–૪ | સુરેન્દ્રનગર, ગીરસોમનાથ |
| ૧૩ | શ્રી બી.ડી.મોદી, તકેદારી સેલ | રાજકોટ, પોરબંદર |
| ૧૪ | શ્રી ડી.પી.ભટ્ટ, તકેદારી સેલ | અમદાવાદ, દેવભૂમિ ધ્વારકા |
| ૧૫ | શ્રી જે.જી.ટાંક, ડાયરી દફતર | ભાવનગર |
| ૧૬ | શ્રી જે.બી.દવે, મહેકમ દફતર | વલસાડ, નવસારી |
| ૧૭ | શ્રી એમ.ડી.ભાવસાર, બીનખેતી દફતર | બોટાદ |
| ૧૮ | શ્રી એમ.એ.મલેક, પત્રક સંકલન | નર્મદા |

આમ, ઉકત વિગતે દરેકને ફાળવેલ જિલ્લાની નોંધોની કચેરીના વહીવટી કર્મચારીગણ સિવાયના તપાસણી એકમમાં કામ કરતાં તમામ નાયબ મામલતદારશ્રીઓએ દરેક સપ્તાહના પ્રથમ બે દિવસ એટલે કે, સોમવાર અને મંગળવારે કચેરીમાં અચૂક ઉપસ્થિત રહીને ઓનલાઈન રેકર્ડ પરથી ચકાસણી કરવાની રહેશે તેમજ ક્ષતિ જણાયે આ સાથે સામેલ રાખેલ પત્રકમાં ક્ષતિની વિગતોની સાથોસાથ તૈયાર કરેલ રિપોર્ટ નાયબ કલેકટરશ્રી(તપાસણી–૧) મારફતે માન.મહેસૂલ તપાસણી કમિશનરશ્રી સમક્ષ રજૂ કરવાનો રહેશે.

03/12/16

નોંધ પરની માન.મ.ત.કમિ.શ્રીની આજ્ઞાનુસાર,

નાયબ કલેકટર (તપાસણી–૧)
ગાંધીનગર

પ્રતિ,
સબંધિત મામલતદારશ્રી
તમામ નાયબ મામલતદારશ્રીઓ